## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કુંભ**

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૧૨ / ૧ | ચંદ્ર - કેતુ ૧૧ | બુધ - સૂર્ય ૧૦ / ૯ - શુક્ર |
| ૨ | | શનિ ૮ |
| ૩ / ૪ | ૫ વક્રી ગુરુ રાહુ | મંગળ ૭ / ૬ |

**આજે કાલસર્પ યોગ છે. આજે ચાંડાલ યોગ છે.**
**આજે મહામાસ શરૂ થાય છે. બેસતો મહીનો છે.**

**મેષ** અગિયારમે ચંદ્ર આગામી બે દિવસમાં નાનો-મોટો પ્રવાસ કરાવશે. આઠમે શનિની પનોતી ચાલતી હોઈ ધ્યાન રાખીને ચાલવું - પડવા - વાગવાથી સાચવવું.

**વૃષભ** ચોથે ગુરુને દસમે ચંદ્રના કારણે દિવસ આખો આનંદમય - સુખમય જશે. કોઈ ચિંતાનું આવરણ આવેલ હશે તો દૂર થશે - એકાદ નાનો ફાયદો મળી જાય.

**મિથુન** સાતમે શુક્ર નોકરી ધંધામાં તમોને મોટો આર્થિક લાભ અપાવે તેમજ સારી લોકચાહના અપાવવા જ યોગો ઊભા કરે - જરૂર કરતાં વધારે એકપણ શબ્દ ન બોલવો.

**કર્ક** સાતમે બુધ - સૂર્યની યુતિ ને કારણે તમારે જાહેર ક્ષેત્રની વ્યિક્તઓ સાથે વિવાદમાં ન ઊતરવું પડે તેવું ધ્યાન રાખશો - સાતમે બુધ તમારી બુદ્ધિ - પ્રતિભા - ખીલવશે.

**સિંહ** શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે - સિંહનો ગુરુ - રાહુનો ચાંડાલ યોગ તમોને નડતરરૂપ છે. હનુમાનજી - શનિદેવ તેમજ ઈષ્ટદેવની ભક્તિ કરવી - શ્રદ્ધા અને સબૂરી રાખવી.

**કન્યા** બારમે ગુરુ - રાહુ ધાર્મિક ખર્ચા કરાવે - ઈષ્ટ દેવની ભક્તિ કરવાથી આ ખર્ચા ટાળી શકાશે. બીજે મંગળને ત્રીજે શનિ ઘર્ષણ અને વાદવિવાદમાં ન ઉતારે તેનું ધ્યાન રાખશો.

**તુલા** શનિની પનોતી સાડાસાતી ચાલુ છે. ઉતરતી પનોતી એકાદ નાનો મોટો - આર્થિક લાભ કરાવી જાય - વ્યગ્રતા ચાલુ રહે - મૂંઝવણ ચાલુ રહે - ગુસ્સો ના કરવો.

**વૃશ્ચિક** શનિની સાડાસાતી ચાલુ છે - બહારનું ખાવાનું ટાળવું - તબિયતની અસ્વસ્થા રહે - બેચેની રહે. દિવસ દરમિયાન કોઈની સાથે વાદ-વિવાદમાં ન ઉતરવું પડે તેનું ધ્યાન રાખવું.

**ધન** શનિની સાડાસાતી ચાલુ છે - પરંતુ રાશિમાં શુક્ર તેમજ રાશિ પર ગુરુની દ્રષ્ટિ હોવાથી પનોતીની ખરાબ અસરો થતી નથી બલ્કે ફાયદો કરાવે તેવા યોગ છે - ભક્તિ કરવાથી ફાયદો થશે.

**મકર** સૂર્યથી બીજે ચંદ્ર તમારા વ્યક્તિત્વને નિખારે છે - પ્રતાપી દેખાશો - આગિયારમે શુક્ર સૌંદર્ય પ્રસાધનો ફેશન - કપડાં વિજ પાછળ ખોટા ખર્ચા કરાવશે - ધ્યાન રાખીને ચાલશો.

**કુંભ** રાશિમાં ચંદ્ર - કેતુની યુતિને સાતમે ગુરુ - રાહુની યુતિથી ફ્રન્ટ હોઈ ગુરુચંદ્રનો ગજકેસરી યોગ થાય છે જે ચાંડાલયોગથી દુષિત હોી લાભાલાભ મળશે - લાભને નુકસાન બંને સાથે થાય.

**મીન** આઠમે મંગળ - ને બારમે ચંદ્ર તમારા આજના દિવસમાં બીનજરૂરી ખર્ચા કરાવશે. પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - દસમે શુક્ર - મીડીયાથી ફાયદો કરાવે - નવી મિત્રતા થાય.

# મહાનગરોના પદાધિકારીઓ-કમિશનરોની એક દિવસીય કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યના મહાનગરોની સ્વચ્છતા, નગર સુખાકારીના કામો, શિક્ષણ-આરોગ્ય સહિત સમગ્રતયા નગર વિકાસના કાર્યોનો વ્યાપક લાભ પ્રત્યેક માનવી સુધી પહોંચે તેવા 'સિટીઝન સેન્ટ્રીક' નગર વિકાસ આયોજનનું આહ્‌વાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારના પરિપત્રોનું સર્વાંગી શહેરી વિકાસના પરિપ્રેક્ષ્યમાં અમલીકરણ થાય, સામાન્ય નાગરિકને સુખ-સુવિધા સરળતાએ પ્રાપ્ત થાય તેવું શાસનદાયિત્વ ચૂંટાયેલી પાંખ અને નવનિયુક્ત પદાધિકારીઓએ નિભાવવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં યોજાયેલી મહાનગરોના મેયરશ્રીઓ, કમિશનરશ્રીઓ અને પદાધિકારીઓની એક દિવસીય કાર્યશાળાનો પ્રારંભ કરાવ્યો હતો.

નવા ચૂંટાયેલા આ પદાધિકારીઓને રાજ્ય સરકારની શહેરી વિકાસની ફલેગશીપ યોજનાઓ સહિત સર્વાંગી વિકાસ આયોજનની વિસ્તૃત સમજ-માર્ગદર્શન આપવાના હેતુથી આ કાર્યશાળાનું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ કાર્યશાળામાં એવું અભિનવ સૂચન કર્યું કે, મહાનગરોના ચૂંટાયેલા નગરસેવકો, પદાધિકારીઓ વોર્ડના નાગરિક પ્રશ્નોના નિવારણ માટે સક્રિયતા દાખવીને નાગરિકો વચ્ચે વોર્ડમાં જી સમસ્યાઓ જાણે, સમજે અને તેના સ્થળ પર નિકાલની ઝૂંબેશ લોકસંવાદ સેતુની પરિપાટીએ શરૂ કરે તે આવશ્યક છે.

તેમણે લાંબાગાળાના પડતર પ્રશ્નોનો નિશ્ચિત સમયાવધિમાં ઉકેલ લાવવાનું લક્ષ્ય નિર્ધારીત કરવા પ્રેરણા આપી હતી.

શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગિક સંબોધનમાં આ કાર્યશાળા નગરોના વિકાસકાર્યો માટે નવી દિશા આપનારો બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

મુખ્ય સચિવશ્રી જી.આર. અલોરિયાએ ઈઝ ઓફ ડ્રૂઈંગ બિઝનેસ માટે મહાનગરોના આઈ.ટી. સોલ્યુશનન્સનો વિનિયોગ કરવાની તાકિદ કરી હતી. તેમણે ઉદ્યોગ સંસ્થાપન માટે રોકાણકારોને સહાયરૂપ થવા ઈન્ડસ્ટ્રીયલ ફેસીલીટેશન સેન્ટર્સ કાર્યરત કરવામાં આવ્યા છે તેના માધ્યમથી દરખાસ્તોના અમલ માટે જરૂરી પરવાનગીઓ, સહુલિયતો મળી રહે તે હેતુથી પ્રતિ સપ્તાહ એક દિવસ આ વિષય માટે જ સત્તાતંત્રવાહકો સુનિશ્ચિત કરે તેવી અપીલ કરી હતી. પ્રારંભમાં શહેરી વિકાસ અગ્ર સચિવશ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ કાર્યશાળાનો હેતુ સ્પષ્ટ કર્યો હતો.








સે-૪ નાણાંવટી પ્રાયમરી સ્કુલમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓએ રમત કૌશલ્ય દાખવતા શિક્ષકોએ પણ તેમને પ્રોત્સાહીત કર્યા હતા.

# કડી તાલુકા આરોગ્ય કચેરીનું લોકાર્પણ કરાયું

મહેસાણા, તા. ૮

આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે ૬૦ લાખના ખર્ચે નિર્મિત કડી તાલુકા આરોગ્ય કચેરીનું લોકાર્પણ કર્યું હતું. ઉપરાંત કડી નગર સેવા સદન દ્વારા ૨૨ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી દરમિયાન સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સન્માન સમારોહ તથા ઈનામ વિતરણ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્વચ્છતા અને આરોગ્ય સિક્કાની બન્ને બાજુ છે. રાજ્યની ૧૬૨ સેવાસદનોએ નાગરિકોને સ્વચ્છતા અને આરોગ્યની સેવાઓ મળી રહે તેને પ્રાથમિકતા આપવી જોઈએ. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતા અભિયાનનું જનઆંદોલન શરૂ કર્યું છે. આ જનઆંદોલનમાં રાજ્ય સરકાર સક્રિયતાથી કામ કરી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ દ્વારા ગતિશીલ ગુજરાત અંતર્ગત સ્વચ્છતા અભિયાનને પ્રાથમિકતા આપવામાં આવી છે.




કડી શહેરના વિકાસ માટે કડીની જનતા અને વહીવટકર્તાઓની પ્રમાણિક દષ્ટિને કારણે થયો છે. આજે કડી પાલિકા દ્વારા સફાઈ કામદારોનું સન્માન કરી પાલિકાઓ માટે નવીન પહેલ ઉભી કરી છે. કડી સેવા સદન દ્વારા અઠવાડિયાના સ્વચ્છતા અભિયાનમાં ૪૫ સેવાકીય સંસ્થાઓ કાર્યરત હતી આ તમામ સંસ્થાઓને આરોગ્યમંત્રીએ અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો.

# આરટીઆઈ એક્ટિવિસ્ટ જમીન કૌભાંડ સાથે જોડાયેલી માહિતી માગે તો તેના પર હૂમલાઓ થાય છે

ગાંધીનગર, તા. ૮

ભાજપ શાસિત ગુજરાતમાં આરટીઆઈ એક્ટિવિસ્ટ પર જીવલેણ હૂમલાની ઘટનાઓ વધતી જાય છે ત્યારે અત્યાર સુધીમાં થયેલા તમામ હૂમલાઓની ખાસ કિસ્સામાં તપાસ કરીને હૂમલાખોરોને નશ્યત કરવી જોઈએ તેવી માંગણી કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશિત વ્યાસે કરી છે. તેમણે કહ્યું કે આ રાજયમાં ભાજપ સરકારના આશીર્વાદથી જંગલરાજ આવી ગયું છે. પોલીસની હાજરીમાં ગુનેગારોને રક્ષણ મળી રહ્યું છે અને નિર્દોષ કાર્યકર્તાઓ હૂમલાના ભોગ બને છે.

ગુજરાતમાં સરકાર જે ખોટુ કરી રહી છે તેનું આ કારણ છે. ભાજપના શાસકો જો ચોખ્ખા હોય તો કોઈ આરટીઆઈ એક્ટિવિસ્ટ જમીન સબંધિત જાણકારી માગે નહી. મહેસૂલ, શહેરી વિકાસ અને ગૃહ વિભાગ જેવા ભારેખમ વિભાગો માટે સરકારમાં અલાયદા કેબિનેટ મંત્રી હોવા જોઈએ પરંતુ આ ત્રણેય મલાઈદાર વિભાગો મુખ્યમંત્રીએ ખુદ તેમની પાસે રાખ્યા છે તેથી સામાન્ય નાગરિકોને પણ આશ્ચર્ય થાય છે.

શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે ગુજરાતના તાપી જિલ્લામાં બનેલી ઘટના આંખ ખોલનારી છે. માફિયા તત્વો સામે લડતા એક સામાજીક કાર્યકર પર સરકારી કચેરી પાસે જ જીવલેણ હૂમલો થાય અને પોલીસ તેમજ વહીવટી તંત્ર તમાશો જુએ એ રાજ્યમાં જંગલરાજ સિવાય શું હોઈ શકે. રોમિલ સુરતીયા જંગલની જમીનના અધિકારો માટે કાર્યરત સામાજિક કાર્યકર છે અને તે કુદરતી સંપદાનું રક્ષણ કરવામાં પોતાની ફરજ સમજે છે. ગેરકાયદે ખનન પ્રવૃત્તિની વિગતો માગી તે તેનો ગુનો છે. હૂમલાખોરો ભાજપ અને સરકાર સાથે સાંઠગાંઠ ધરાવતા હોવાથી તેમની સામે પગલાં લેવાતા નથી અને સરકારી કચેરીમાં પૂર્વયોજિત કાવતરાની જેમ હૂમલો થાય છે.

ગુજરાતમાં છ આરટીઆઈ એક્ટિવિસ્ટના ખૂન થયા છે, જ્યારે ૪૦ એક્ટિવિસ્ટ પર હૂમલા થયા છે. સમગ્ર દેશમાં આરટીઆઈ એક્ટિવિસ્ટ પર હૂમલામાં ગુજરાતનો નંબર બીજો છે કે જ્યાં સૌથી વધુ એક્ટિવિસ્ટના ખૂન થાય છે. ખાસ કરીને રિપોર્ટમાં એવું ધ્યાનમાં આવ્યું છે કે જમીન અને ખાણ ખનિજ સાથે જોડાયેલી બાબતોમાં સૌથી વધુ હૂમલા થયા છે. ભાજપની ગુજરાત સરકારને જમીનો વેચવામાં બહુ રસ છે. મળતિયાઓને પાણીના ભાવે જમીનો વેચી મારે છે તેથી સામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કાર્યકર્તાઓ છે તેમની ફરિયાદો સત્તાધીશોને આંખના કણાની જેમ ખૂંચે છે. આ તમામ કેસોની ખાસ કિસ્સામાં તપાસ થવી જોઈએ.

# ઢિંચણીયામાં દારૂ ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જીલ્લામાં દેશી અને વિદેશી દારૂના દુષણને દુર કરવા માટે ક્ષત્રિય સમાજમાં જાગૃતિ લાવવા જનતા રેડ પાડવાનું ચાલુ કર્યુ છે ત્યારે કમને પોલીસને પોતાની આબરૂ બચાવવા માટે ઠેર ઠેર ચાલતા દારૂના અડ્ડા બંધ કરવા માટે નાટકરૂપ દરોડા પાડી કાર્યવાહી કરવાની ફરજ પડી રહી છે. જે અંતર્ગત શનિવારે ઈડર તાલુકાના ઢિંચણીયા ગામે ચાલતી દેશી દારૂની ૬ ભઠ્ઠીઓ પર પોલીસને દરોડો પાડવાની ફરજ પડી હતી. હિંમતનગર ઈડર વડાલી પ્રાંતિજ સહિતના અનેક સ્થળે પોલીસતંત્રની રહેમ નજર હેઠળ દેશી અને વિદેશી દારૂનો વેપલો બુટલેગરો દ્વારા કરાવાઈ રહ્યો છે ત્યારે થોડા દિવસ અગાઉ વડાલી તાલુકામાં બે સ્થળે ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર ક્ષત્રિય યુવાનો દ્વારા જનતા રેડ કરીને પોલીસને શર્મીંદી બનાવી દીધી હતી. તેમજ અન્ય સ્થળે ચાલતા આવા દારૂના અડ્ડાઓ બંધ કરવા માટે પ્રજાએ પોલીસને જાણકારી આપીને કાર્યવાહી કરવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી રહી છે ત્યારે શનિવારે ઢિંચણીયામાં ચાલતી દેશી દારૂ ગાળવાની ૭ભઠ્ઠીઓ પર ઈડર પોલીસને કમને દરોડો પાડવાની ફરજ પડી હતી.

# હિંમતનગરના સહકારી જીન રોડ પર આવેલ બંધ મકાનમાંથી ૯૦ હજારની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા.૮

હિંમતનગરમાં મકાન બંધ કરી બહારગામ જનારા રહિશો માટે હવે ચેતવાનો સમય પાકી ગયો છે. શહેરમાં મધરાતે ચોરી કરવા સક્રિય બનેલી તસ્કર ટોળકી દિવસે બંધ મકાનોની રેકી કરી રાત્રે ઘટનાને અંજામ આપવામાં સફળ રહે છે. દરમિયાન સહકારી જીન રોડ પર આવેલી એક સોસાયટીના બંધ મકાનને શુક્રવારે મધરાત્રે તસ્કર ટોળકીએ નિશાન બનાવી ઘરના બેડરૂમમાંથી રૂ. ૯૦ હજારની રોકડ મત્તા ચોરી ગયાની ફરિયાદ શનિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ઘરફોડ ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર સહકારી જીન રોડ પર આવેલી કલરવ સોસાયટીના ૩૨ નંબરના મકાનમાં રહેતા રાજેન્દ્રકુમાર પોપટભાઈ પટેલ પોતાનું મકાન બંધ કરી કામ અર્થે બહાર ગયા હતા. દરમિયાન શુક્રવારે મધરાતે તસ્કરોએ બંધ મકાનનો આગળનો દરવાજાનો નકુચો તોડી ઘરના બેડરૂમમાં પ્રવેશ્યા હતા. જ્યાં બેડરૂમના કબાટમાં કપડામાં મુકેલા રૂ. ૪૦ હજાર મળી રૂ. ૯૦ હજારની રોકડ મત્તા ચોરી ગયા હતા. ચોરીની ઘટના અંગે. મુળ પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામના રાજેન્દ્રકુમાર પટેલને જાણ થતા તેમણે શનિવારે હિંમતનગર દોડી આવી ઘરફોડ ચોરીના મામલે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે રહિશની ફરિયાદના આધારે ચોરીનો મામલો દર્જ કરી ઘટના સ્થળે નિરીક્ષણ કર્યુ હતું.

# પેન્શન સહયોગના લવાજમ માટે પ્રતિનિધિઓની નિમણૂંક

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજનું સેવાભાવી માસિક મુખપત્ર 'પેન્શનર્સ સહયોગ' દર મહિનાની ૧૦મી તારીખે નિયમિત પ્રસિદ્ધ થાય છે. તેનું આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭નું વાર્ષિક લવાજમ દરેક સેકટરના પ્રતિનિધિ દ્વારા સ્વીકારવામાં આવે છે.

'પેન્શનર્સ સહયોગ' માસિક સામયિકમાં પેન્શનરને લગતા પ્રશ્નો, સમાચાર અને પેન્શનરને સ્પર્શતા સરકારી ઠરાવો અને માહિતી પ્રસિદ્ધ કરવામાં આવે છે. સેકટર-૭ના પેન્શનર સમાજે જણાવ્યું છે કે, 'પેન્શનર સહયોગ'નું વાર્ષિક લવાજમ ગ્રાહકોએ પ્રતિનિધિઓને આપવાનો રહેશે. જેમાં દશરથભાઈ પરમારના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૦/૨, સેક્ટર-૭-બી, મોહનાઈ આસોદીયા પ્લોટ નં. ૧૦૦૧/૧ સેક્ટર-૭-સી અને જયંતભાઈ ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨, સેક્ટર-૭-ડીના આ તમામ પ્રતિનિધિઓનું રૂબરૂ સંપર્ક સાંધવાનો ગ્રાહકોને અનુરોધ કરાયો છે.

## હુમલા પહેલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોડાયેલો હતો. હેડલી હાલ અમેરિકાની કસ્ટડીમાં છે. લશ્કરે તોયબાની સાથે જેડાયેલા રહેલા અને મુંબઈ હુમલામાં ભૂમિકા અદા કરનાર ખતરનાક ત્રાસવાદી ડેવિડ હેડલીની જુબાનીની પ્રક્રિયા આજે સવારે શરૂ થઈ હતી. તેને વિડિયો કોન્ફરન્સિંગ મારફતે કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. તેની જુબાની ખુબ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. પ્રથમ કોઈ મામલામાં વિદેશથી વિડિયો કોન્ફરન્સિંગ મારફેત આરોપીની જુબાની લેવામાં આવી રહી છે. ડેવિડ હેડલી મુંબઈ હુમલા અંગે મહત્વપૂર્ણ માહિતી ધરાવે છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ તરફથી સરકારી વકીલ તરીકે ઉજ્જવલ નિકમ રજૂઆત કરી રહ્યા છે. ત્રાસવાદી હુમલાની યોજના બનાવવા અને તેને અંજામ આપવામાં હેડલીની ભૂમિકા હતી. પાકિસ્તાની અમેરકિન આતંકવાદી ડેવિડ કોલમેન હેડલીએ આખરે ૨૬-૧૧ મુંબઈ હુમલામાં પોતાની ભૂમિકાની કબૂલાત કરી લીધી છે. ગઈકાલે અમેરિકન કોર્ટ સમક્ષ હેડલીએ જુબાની આપી હતી જેમાં પોતાની ભૂમિકાની કબૂલાત કરી હતી. હેડલીએ એમ કહીને પાકિસ્તાન સરકારની મુશ્કેલી વધારી દીધી છે કે, મુંબઈ હુમલાને પાકિસ્તાન સરકારની મદદથી અંજામ આપવામાં આવ્યો હતો. પુછપરછ દરમિયાન હેડલીએ એવી કબૂલાત પણ કરી છે કે, પાકિસ્તાનના આઈએસઆઈના મેજર ઈકબાલ અને સમીર અલી દ્વારા સમગ્ર મામલાને હાથ ધરવામાં આવ્યો હતો. લશ્કરે તોઈબાના ઝાકી ઉર રહેમાન લખવીની પણ આમા ભૂમિકા હતી. લખવીનો હેન્ડલર આઈએસઆઈનો બ્રિગેડિયર હતો. મુંબઈ હુમલામાં પાકિસ્તાનની ભૂમિકાની વાત કરતા હેડલીએ એમ પણ કહ્યું હતું કે, ૨૦૦૮માં ભારતમાં જે હુમલો કરવામાં આવ્યો હતો તેમાં પાકિસ્તાન સરકારની પણ સીધી ભૂમિકા હતી. આજે વિડિયો કોન્ફરન્સિંગ પ્રક્રિયા શરૂ થયા બાદ થોડાક દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે. હેડલી ઉપર મૂળભૂતરીતે ભારત સામે આતંકવાદી ગતિવિધિઓ તૈયાર કરવા અને તેને અંજામ આપવા માટે ૧૧ મામલામાં આરોપો ઘડવામાં આવ્યા હતા. હેડલી હાલમાં અમેરિકાની કોર્ટમાં ૩૫ વર્ષની જેલની સજા ભોગવી રહ્યો છે. હેડલીએ શરૂઆતમાં કોર્ટ સમક્ષ જુબાની આપતી વેળા વધારે માહિતી આપી ન હતી. એનએસએ દોવલ આ કેસમાં હેડલીને સાક્ષી બનાવી લેવામાં સફળ થઈ શકે છે.

## કલમ-૮૦સી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યુ છે કે હાર્ડવેર, જ્વેલરી, ફર્નિચર દુકાનો બિલ વગર કોઈ ચીજવસ્તુઓ ન વેચી શકે તેવી જોગવાઈ કરવાની માંગ કરવામાં આવી છે. સામાન્ય લોકો એમ પણ ઈચ્છે છે કે તબીબી ખર્ચ પર મુક્તિ અને પરિવહન ભથ્થાના પ્રમાણને ઘટાડી દેવામાં આવે તે જરૂરી છે. આવક પર પગારદાર વર્ગ ટીડીએસની ચુકવણી કરે છે. આ ઉપરાત સર્વિસ ટેક્સ અને વેટ પણ ચુકવે છે. આવી સ્થિતીમાં ટેકસને તર્કસંગત બનાવવાની દિશામાં ચોક્કસપણે પહેલ થવી જોઈએ. આરોગ્ય સેકટરને બજેટમાં વધારે ફાળવણી કરવા પર ધ્યાન આપવાની જરૂર છે. મેડિસીનમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓને વધારે પ્રોત્સાહન આપવાની જરૂર છે. આના માટે તબીબી અભ્યાસ કરવા સાથે સંબંધિત ખર્ચમાં ઘટાડો કરવામાં આવે તે જરૂરી છે.

પુષ્તવયના લોકો માટે સામાજિક સુરક્ષાની જાળને વધારે અસરકારક બનાવવાની જરૂર છે. તમામ નોકરી કરતા લોકો માટે પેન્શન સ્કીમ શરૂ કરવાની ખાતરી કરવાના પ્રયાસ કરવા જોઈએ.

સામાન્ય બજેટમાં બિન સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લોકોને પણ મહત્વ મળે તે જરૂરી છે. બજેટમાં સરકારે તમામ જરૂરી સેક્ટરોને વધારે ફંડની જોગવાઈ કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. સિનિયર સિટીઢન પર ધ્યાન આપવાની દિશામાં પગલા લેવા જોઈએ. લોકોને અચ્છે દિનના અનુભવ થાય તે સમય હવે આવી ગયો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વદારે રોકાણ કરવાની પણ જરૂર છે.

## સુનાવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. ત્યારે પાટીદારોના સમર્થકોએ જય સરદાર, જય પાટીદાર, પાટીદારોને જેલ મુક્ત કરો, હાર્દિક પટેલ તુમ આગે બઢો હમ તુમારે સાથ હૈ ના નારા લગાવીને બેનરો પ્રદર્શિત કર્યા હતા. હાર્દિકના સમથનમાં આજે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પાટીદારો કોર્ટમાં પહોંચી ગયા હતા. રાજદ્રોહના ગુનામાં હાર્દિક પટેલ, દિનેશ બામણીયા, કેતન પટેલ અને ચિરાગ પટેલ સામે સેશન્સ કોર્ટમાં કેસ કમીટ થયો છે. આ કેસ હવે ૨૨મી ફેબ્રુઆરી એ હાથ ધરાશે.કોર્ટ રૂમની બહાર ક્રાઈમ બ્રાન્ચ અને કારંજ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. એટલું જ નહી સેન્ટ્રલ અને સ્ટેટ આઈબીના અધિકારીઓ હાર્દિકને મળવા આવનાર ઉપર સતત વોચ રાખી રહ્યા છે. સુરતની લાજપોર જેલમાંથી ગઈ કાલે તા.૭મીને રવિવારના રોજ હાર્દિક પટેલને લાવવામાં આવ્યો હતો. ચારેય આરોપીઓના વકીલોએ આ અગાઉ ૫૦૩ સાક્ષીઓ સાથેની ૨૭૦૦ પાનાની ચાર્જશીટની નકલો મેળવી હતી. પાટીદાર અનામત આંદોલનમાં હાર્દિક પટેલ અને દિનેશની રાજદ્રોહ સહિતના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરીને રિમાન્ડ મેળવ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પુરાવા એકત્ર કરીને ચારેય આરોપીઓ સામે મેટ્રો કોર્ટમાં ૧૮મી જાન્યુઆરીના રોજ ચાર્જશીટ રજુ કરવામાં આવી હતી.

## પ્રમુખ મામલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારે ઉત્તેજના જગાવી દીધી હતી. પરંતુ ભાજપના પ્રવક્તાએ આ અહેવાલનું સત્તાવાર ખંડન કરી હજુ સુધી પક્ષે આવી કોઈ જાહેરાત કરી જ નથી તેવી સ્પષ્ટતા કરી હતી. ભુપેન્દ્ર સિંહ ચુડાસમા એક સજ્જન અને પક્ષ તથા સરકારમાં સન્માનીત સ્થાન ધરાવતા નેતા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતવા ભાજપને શામ દામ દંડ અને ભેદમાં નિપુણ સમાજમાં ખુબ જ મજબુત પ્રભાવ અને પકડ રાખનાર તથા દરેક રાજકીય બાબતોમાં દ્વારા હોય તેવા પ્રદેશ પ્રમુખની જરૂર છે જેની ખોજ કરવાનું કૌવત માત્ર નરેન્દ્ર મોદી જ ધરાવે છે અને હાલમાં તેઓ વડાપ્રધાન પદે હોવાથી ભાજપમાં તેમનો પડયો બોલ પણ ઝીલાશે અને ટૂંક સમયમાં ગુજરાતને એક નવા પ્રદેશ પ્રમુખ મળશે જેમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પુરષોત્તમ રૂપાલા, પ્રદિપસિંહ જાડેજા, આઈ કે જાડેજા, કૌશિક પટેલ, ગણપત વસાવા અથવા તો ઠાકોર સમાજના મોટા માથાઓ ઉપર પણ નજર ફેરવવામાં આવી રહી છે.

## નંબર પ્લેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવાઈ છે. જેના લીધે અરજદારોના કામોનો ઝડપી નિકાલ આવી શકે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. આર ટી ઓ કચેરી દ્વારા વાહનોમાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ટ્રાન્સપોર્ટના વાહનોને આવરી લેવામા આવ્યા છે. જયારે આર ટી ઓ કચેરીમાં આવતા ખાનગી વાહનાને પણ વિના મુલ્યે હાઈસિક્યુરિટી નંબર પ્લેટ ફીટ કરી આપવામાં આવે છે. જેમાં કોઈપણ વાહનોની નંબર પ્લેટ કે કલર નિકળી ગયો હોય તેવા કિસ્સામાં પણ વિના મુલ્યે નંબર પ્લેટ ફીટ કરી આપવામાં આવશે તેમ પણ સુત્રો દ્વારા જણાંવાયુ છે.

## વિદાય લીધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોગાનુયોગ છે. તેમના પતિ સ્વ. રવિન્દ્રરાય વી. મહેતાએ તા. ૭-૨-૧૯૯૧ના રોજ સવારે ૧૦.૩૦ વાગે છેલ્લા શ્વાસ લીધા હતા તો રૂક્ષ્મણીબેને પણ તેમના છેલ્લા શ્વાસ તા. ૭-૨-૨૦૧૬ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે લીધા હતા. ૨૫ વર્ષ બાદ એક જ તારીખ અને સમયે તેઓ ૐકારમાં લીન થયા હતા. આ પળે તેમના સંતાનો અને પ્રપૌત્રો પણ હાજર હતા.

સ્વ. રૂક્ષ્મણીબેનના સંતાનો શ્રી પ્રણવ મહેતા, નિવૃત્ત એલ.ઈ. શ્રી પ્રતીક મહેતા અને શ્રી સૌજન્ય મહેતાના માતુશ્રી થાય. સે. ૮માં તેમણે તેમના મૃત્યુ સમય પૂર્વે સૌને તેડાવી રાખ્યા હતા. તેઓ છેલ્લા થોડાક સમયથી નાદુરસ્ત હતા.

## ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

તેનો એક હિસ્સોહતું તે જાણીતી વાત છે. ચાચાએ તેમના લડાયક જૂસ્સાની પ્રતિતિ કરાવતા એ સરકારી પુરસ્કારનો અસ્વીકાર કર્યો ! તેમણે રોકડુંજ પરખાવ્યું કે જે દ્વિભાષી રાજ્યના અસ્તિત્વ સામેજ અમે રણશિંગુ ફૂંકેલું છે તે સરકારનું ઈનામ - અકરામ શી રીતે સ્વીકારી શકાય ? આવી ભાતીગળ તથા પ્રેરણાદાયક આત્મકથાનું પુનઃ પ્રકાશન થયું તે માટે આપણે શ્રી સનત મહેતાના ઋણી રહીશું.

**ઈન્ડેક્ષ્ટ-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)**
(ગુજરાત સરકારની સંસ્થા)
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ઓ (૦૭૯) ૨૩૨ ૫૪૨૬૩, ફેક્સ : ૨૩૨ ૫૬૦૦૭
INDEXT-c

**ઝેરોક્ષ મશીન કચેરીમાં ભાડેથી મુકવા બાબત.**

અત્રેની સંસ્થાના ઉપયોગ સારૂ ઝેરોક્ષ મશીન ઓપરેટર સહિત ભાડેથી લેવા માંગીએ છીએ. આ માટે રસ ધરાવનાર ઈસમો / વ્યક્તિઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. કવર ઉપર ઝેરોક્ષ મશીન (ઓપરેટર સહિત) કચેરીમાં ભાડેથી લેવા અંગેનું ભાવપત્રક' તેમ લખીને તા. ૧૬/૨/૨૦૧૬ સુધીમાં બપોરના ૨.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે અત્રેની કચેરીમાં પહોંચાડવા આથી જાણ કરવામાં આવે છે. આ પ્રકારના લખાણ વગરનું કવર માન્ય ગણાશે નહીં.

સહી/-
કાર્યવાહક નિયામક

માહિતી/૨૫૨૨/૨૦૧૫-૧૬